**માન.અધ્યક્ષશ્રી,**

મારા હસ્તકના મહિલા અને બાળ વિકાસ વિભાગના અંદાજપત્રમાં કુલ **રૂા. ૬ હજાર ૮૮૪ કરોડ ૯૩ લાખની સૂચિત જોગવાઈમાં** સમાવિષ્ટ કુલ ચાર માંગણી ક્રમાંકમાં **પ્રથમ માંગણી ક્રમાંક ૧૦૫ હેઠળ રૂા. ૫ કરોડ ૫૬ લાખ, માંગણી ક્રમાંક ૧૦૬માં રૂ. ૫ હજાર ૬૬૨ કરોડ ૭ લાખ, તેમજ માંગણી ક્રમાંક ૯૬ સંકલિત આદિજાતિ પેટા યોજના પૈકી રૂા. ૯૭૪ કરોડ ૪૨ લાખ** અને **માંગણી ક્રમાંક ૯૫ અનુસૂચિત જાતિ પેટા યોજના પૈકી રૂા. ૨૪૨ કરોડ ૮૮ લાખ** તથા એમ **કુલ મળી કુલ રૂ. ૬ હજાર ૮૮૪ કરોડ ૯૩ લાખની માંગણી માટે ઉપસ્થિત છું.**

**માન.અધ્યક્ષશ્રી,**

**હું મારી જાતને ભાગ્યશાળી માનું છુ કે હું ભારતીય જનતા પાર્ટીની એક સાધરણ કાર્યકર્તા છું આજે પાર્ટી અને સંગઠને મારામાં વિશ્વાસ મુકી મને અસાધરણ કાર્ય કરવાનો મોકો આપ્યો,** આજે હું આનંદ સાથે કહીશ કે સમાજના લગભગ તમામ વર્ગ કે જેનો ખરેખર વિકાસ કરવાનો છે તેમને સશકત કરવાના છે. તેવા વર્ગના વિકાસનો કાર્યભાર મને સોપ્યો છે **જેથી હું સંવિધાનની મર્યાદામાં રાજ્યની અને રાષ્ટ્રની સેવા કરી શકું.**

**માન. અધ્યક્ષશ્રી**

**આજે મારે મહિલા કલ્યાણના બજેટ લક્ષી માંગણીઓને રજૂ કરવી છે એ પહેલા આ સભાગૃહને બાળ વિકાસ અને મહિલા સશકિતકરણની વાત કરવી છે.**

**માન.અધ્યક્ષશ્રી**

આ દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઈ જ્યારે રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે કે આ દેશના પ્રધાનમંત્રી બન્યા ત્યારે જ નહી પરંતુ તેમણે જાહેર જીવનમાં અને રાજનૈતિક જીવનમાં પ્રવેશ લીધો ત્યારથી જ માતૃશકિતને હંમેશા મહત્વ આપ્યુ છે. તેઓએ હંમેશા કહ્યું છે કે મહિલા સશકિતકરણ સરકારનું કેન્દ્રબિંદુ હોવું જોઇએ, જેનાથી દેશ કે પ્રદેશ વિકસીત થશે.

આજે દેશની પ્રાથમિકતા ભારતની વિકાસ યાત્રામાં મહિલાઓની સંપૂર્ણ ભાગીદારીમાં છે અને તેથી જ અમે અમારી માતાઓ અને બહેનો અને દિકરીઓની મુશ્કેલીઓ ઘટાડવા પર ભાર આપી રહ્યા છીએ.

**માન.અધ્યક્ષશ્રી**

આર્થિક સ્વાવલંબનથી આજે ગામડાની નાનામાં નાની મારી બહેન દિકરીનું આણું કરવા જીયાણું કરવા કે વહુંને વ્યવહાર કરવામાં મુંજાતી નથી અને આજે અમારી સરકારે અનેક મહિલા બચત મંડળીઓ સાથે મહિલા બેંકની સ્થાપના કરી છે.

સ્ત્રીઓમાં કૌશલ્યની ક્યારેય કમી હોતી નથી. પરંતુ હવે આ જ કૌશલ્ય તેની અને તેના પરિવારની તાકાત વધારી રહી છે. આજે મહિલા ઉદ્યોગ સાહસિકો દ્વારા નાના અને લઘુ ઉદ્યોગોની સ્થાપના થકી અનેક પરિવારો સુખી થયા છે.

**માન.અધ્યક્ષશ્રી,**

મહિલા પશુપાલકોની વાત કરૂ તો આપનાથી વધુ કોણ આ વાતને સમર્થન આપી શકે કે ગુજરાતના તમામ જીલ્લા દુધ ઉત્પાદક સંઘોમાં વાર્ષિક રૂા. ૨૫ લાખથી લઈ રૂપિયા સવા કરોડના દુધનો વ્યવસાય કરનાર મારી બહેનો છે.

**માન અધ્યક્ષશ્રી,**

સર્જનહાર બધે પહોંચી શકવા માટે કદાચ સમર્થ નહિ હોય એટલે એણે સ્ત્રીનું સર્જન કર્યું છે. આ સૃષ્ટિ સમગ્રમાં ભગવાન પછી બીજું કોઈ અનન્ય સર્જનહાર હોય તો એ એકમાત્ર સ્ત્રી છે.

**સ્ત્રી હોવું એટલે સૃષ્ટિ સર્જનનું એક અભિન્ન અંગ હોવું.**
**સ્ત્રી હોવું એટલે ઘરનું અજવાળું હોવું.**
**સ્ત્રી હોવું એટલે અગણિત નિરાશાઓ વચ્ચે અખૂટ વિશ્વાસનું બળ હોવું.**
**સ્ત્રી હોવું એટલે મમતા, સ્નેહ અને ત્યાગનો ત્રિવેણી સંગમ.**
**સ્ત્રી હોવું એટલે પ્રેમના એક બિંદુ સામે સિંધુ જેટલું સમર્પિત કરી દેવું.**
**સ્ત્રી હોવું એટલે બિનશરતી પ્રેમનું અથાગ ઝરણું હોવું, જે મુશ્કેલીઓના અનેક પહાડો પરથી નીચે પટકાઈને પણ ક્યારેય પોતાની સુંદરતા ગુમાવતું નથી.**

**સ્ત્રી હોવું એટલે તરણાં ઓથે ડુંગર. તરણાં જેવી સમજ વડે સ્ત્રીના ડુંગર જેવા વિરાટ વ્યક્તિત્વને ક્યારેય પામી શકાતું નથી.**

**માન.અધ્યક્ષશ્રી**

ડૉ. બાબાસાહેબે વિશ્વના સૌથી મોટી લોકશાહી કહી શકાય એવા ભારત દેશને દુનિયાના સૌથી મોટા લેખીત બંધારણની ભેટ આપી સમરસતા, સમાનતા અને બંધુત્વની ભાવના કેળવવાની સાથે સાથે મહિલા વિકાસ ઉપર પણ ખૂબ ભાર મૂક્યો છે માટે જ આપણે તેમને **મહિલાઓના મુક્તિદાતા** તરીકે પણ ઓળખીએ છે. આજે નારિપણાની ગરીમા સાથે કહું છું કે વૈશ્વિક નેતા તરીકે જેમની છબી ઉભરી આવી છે તેવા આપણા આદરણીય વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઇ મોદી અને તેમની સરકારે સંસદમાં અને વિધાનસભામાં મહિલાઓ માટે ૩૩% અનામતનું બિલ પસાર કર્યું છે તે ભારતની મહિલાઓના ભાવિ વિકાસના માઇલ સ્ટોન સમાન છે.**

**માન.અધ્યક્ષશ્રી,**

મને કહેતા ગર્વ થાય છે કે રાજ્યના સરળ/ નિખાલસ અને લોક હૃદયી તેમજ લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલની સરકારમાં મહિલા અને બાળ વિકાસ વિભાગમાં વર્ષ ૨૦૨૪-૨૫માં ગત વર્ષની તુલનાએ **૧૩.૫%જેટલો વધારો કરીને** વર્ષ ૨૦૨૪-૨૫ માં **રૂા. ૬ હજાર ૮૮૫ કરોડ રૂપિયાની જોગવાઇ** કરવા બદલ, આ વિભાગના મંત્રી તરીકે સમગ્ર રાજ્યની મહિલાઓ અને બાળકો વતી માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ અને નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇનો ખૂબ ખૂબ આભાર માનું છું.

**માન.અધ્યક્ષશ્રી**

દીર્ઘ દ્રષ્ટા માન. વડાપ્રધાનશ્રી દ્વારા સમગ્ર દેશમાં શરૂ કરેલ રાષ્ટ્રીય પોષણ અભિયાનના આ પવિત્ર કાર્યમાં અમારી સરકાર સતત આ દિશામાં પ્રયત્નશીલ છે. જન્મથી ૬ વર્ષના બાળકો, સગર્ભા અને ધાત્રીમાતાઓ માટે પૌષ્ટીક આહાર પુરો પાડવા માટે "સહી પોષણ દેશ રોશન"નાં આહવાહનને ચરીતાર્થ કરવા વર્ષ ૨૦૨૩-**૨૪ માં ૩૨ લાખ લાભાર્થીને લાભ** આપેલ છે.

પૂરક પોષણ યોજના અંતર્ગત ૩ થી ૬ વર્ષનાં બાળકોને આંગણવાડીમાં ગરમ નાસ્તો અને ભોજન તથા બાળકો, અને સગર્ભા-ધાત્રીમાતાઓને ટેક હોમ રેશન પૂરૂં પાડવા વર્ષ ૨૦૨૪-૨૫ માટે **રૂ. ૮૭૮ કરોડ ૭ લાખની સુચિત જોગવાઇ** કરેલ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

- **દુધ સંજીવની યોજના અંતર્ગત** વર્ષ ૨૦૨૪-૨૫ માં **રૂા. ૧૩૨ કરોડ ૩૩ લાખની** સુચિત જોગવાઇ કરેલ છે.
- **પોષણ સુધા યોજના( સ્પોટફિડીંગ પ્રોગ્રામ) અંતર્ગત સગર્ભા અને ધાત્રીમાતાને એક સમયના ગરમ ભોજન માટે વર્ષ ૨૦૨૪-૨૫માં રૂા. ૧૨૮ કરોડ ૯૮ લાખની સુચિત જોગવાઇ કરવામાં આવેલ**
- **મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના (MMY)**

  ૧૦૦૦ દિવસ અંતર્ગત આંગણવાડી કેન્દ્રમાં પ્રથમ વખત સગર્ભાવસ્થાની નોંધણીથી સંભવીત પ્રસુતિની તારીખ સુધી તેમજ પ્રથમ બાળકના જન્મથી ૨વર્ષ સુધીની માતાઓને દર માસે એકસ્ટ્રા રો રેશન આપવામાં આવે છે -

  વર્ષ ૨૦૨૪-૨૫ માટે **રૂા. ૩૨૨ કરોડ ૪૦ લાખની** સુચિત જોગવાઇ કરવામાં આવેલ છે.

**આયુષ THR (મુલ્યવર્ધીત ટેક હોમ રાશન)**

- વર્ષ 2020-21 માં THRમાં આયુષ ઔષધોનો સમાવેશ કરી અને આયુષ THR નો પાયલોટ પ્રોજેક્ટ ૬ જિલ્લાઓ અમલમાં છે.
- વર્ષ ૨૦૨૪-૨૫ માટે **રૂા. ૧૭ કરોડ ૮૬ લાખની** સુચિત જોગવાઇ કરવામાં આવેલ છે.

**NNM ( રાષ્ટ્રીય પોષણ અભિયાન):-**

- બાળકો સગર્ભા અને ધાત્રી માતાના પોષણ સ્તરમાં સુધાર લાવવા દર મહિને બાળકો, સગર્ભા સ્ત્રીઓ, ધાત્રીમાતાઓ અને કિશોરીઓની વૃદ્ધિ અને પોષણની સ્થિતિનું મૂલ્યાંકન અને દેખરેખ રાખવાના ઉદ્દેશ્ય સાથે વિવિધ વૃદ્ધિ મોનિટરિંગ

ઉપકરણોની ખરીદી કરવા માટે વર્ષ ૨૦૨૪-૨૫માં **રૂા. ૧૪ કરોડ ૪૦ લાખની જોગવાઇ** કરવામાં આવેલ છે.

**પૂર્ણા યોજના –**

- પૂર્ણા યોજના હેઠળ રાજ્યની ૧૫ થી૧૮ વર્ષની તમામ કિશોરીઓ પોષણ સેવામાં વિના મુલ્યે માસિક પૂર્ણા શક્તિના ચાર પેકેટ આપવામાં આવે છે.
- પૂર્ણા શક્તિના પેકેટમાં આયુષ કમ્પોનન્ટ ઉમેરવાના હેતુસર **કુલ રૂા. ૧ કરોડ ૯૪ લાખની જોગવાઇ સહિત પૂર્ણા યોજના માટે વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ રૂા. ૩૪૬ કરોડ ૪ લાખની જોગવાઇ** કરેલ છે.

**આંગણવાડી કાર્યકર /તેડાગર બહેનોની ભરતી :-**

- હાલ રાજ્યના **૧ હજાર ૭૯૭ મીની આંગણવાડી** કેન્દ્રો મેઈન આંગણવાડીમાં ફેરવાતા **૧ હજાર ૭૯૭ તેડાગર બહેનોની જગ્યામાં વધારો** થયેલ હોવાથી **આંગણવાડી કાર્યકર અને તેડાગરની અંદાજિત કુલ ૧૦ હજાર જગ્યાઓ**ની જાહેરાત બહાર પાડી e-hrms (હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટ સીસ્ટમ) વેબ પોર્ટલ માધ્યમથી ઓનલાઈન ભરતી પ્રક્રિયા હાથ ધરી અંદાજીત **૯ હજારથી વધુ બહેનોને ટૂંક સમયમાં નિમણૂંક પત્ર આપવાની કામગીરી કરવામાં આવનાર** છે.

**૩૬ નવા આંગણવાડી કેન્દ્રનું સફળતા પુર્વક ઉદ્ઘાટન:–**

- વર્ષ ૨૦૨૩-૨૪ થી પ્રધાનમંત્રી શ્રીજન મન યોજના- આદિમ જન જાતિ આદિવાસી ન્યાય મહાઅભિયાન (PM-JANMAN) કાર્યક્રમ અંતર્ગત વિશેષ જન જાતિ ક્ષેત્રોમાં માન. પ્રધાનમંત્રીશ્રીના આદેશાનુસાર ગુજરાત રાજયમાં ૧૫ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ વિવિધ વિભાગના માન. મંત્રીશ્રી દ્વારા ૩૬ નવા આંગણવાડી કેન્દ્રોનું ઉદ્ઘઘાટન કરી સમયસર સફળતા પૂર્વક કાર્યરત કરવામાં આવ્યા. જે આંગણવાડી કેન્દ્રોમાં ૭૨ આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોની ઓનલાઈન ભરતી e-hrms વેબ પોર્ટલ પરથી આગામી સમયની ભરતી પ્રક્રિયામાં હાથ ધરવામાં આવશે.

# **મહિલા કલ્યાણ**

**શબ્દ એક શોધો ત્યાં સંહિતા નીકળે, કુવો ખોદો તો આખી સરીતા નીકળે, સાવ અલગ જ તાસીર છે આ ભૂમિની કે મહાભારત વાવો તો ગીતા નીકળે.... એવી જ આ ધન્ય ધરા ગુર્જરીને તેના ગૌરવશાળી પુત્ર એવા આપણા માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ જ્યારે આ રાજ્યનું સુકાન સંભાળ્યુ ત્યારે તરત જ મહિલા બાળ વિકાસ વિભાગ તરીકે આખો નવો વિભાગ બનાવ્યો અને મહિલા માટે છુટા–છવાયા થતા કામોની જગ્યાએ સમગ્ર મહિલા કલ્યાણ વિભાગની સ્થાપના થકી મહિલા કલ્યાણની અનેક યોજનાઓ શરૂ કરી. આ મહિલા કલ્યાણની યોજનાઓની વાત કરૂ તો....**

- સમાજમાં મહિલા/ કિશોરીઓની સુરક્ષા અને સલામતીને અગ્રીમતા આપવી તે અમારી અને આપણા સૌની નૈતિક ફરજ છે. જેમાં મહિલા કલ્યાણ દ્વારા મહિલાઓની સરક્ષા અને સલામતી માટે

## **સખી વન સ્ટોપ સેન્ટર યોજના :–**

- સખી વન સ્ટોપ સેન્ટર યોજના ગુજરાતના તમામ ૩૩ જિલ્લાઓ ખાતે હાલમાં ૩૫ કેન્દ્રોમાં ૨૪ કલાક કાર્યરત છે.
- આ યોજના ૧૦૦% કેન્દ્ર પુરુસ્કૃત યોજના છે.
- ભારત સરકાર દ્વારા બાંધકામ માટે મંજુર થયેલ ૧૭ કેન્દ્રોમાંથી હાલમાં ૧૦ નવા કેન્દ્રો કાર્યાન્વિત છે.

## **નારી સંરક્ષણ ગૃહ/ કેન્દ્ર:–**

- કોઈપણ પ્રકારની હિંસાથી પીડિત /સમસ્યાગ્રસ્ત મહિલાને માટે હિંસા મુક્ત વાતાવરણ ઉભું કરવું સલામત સ્થળનું નિર્માણ કરવું તેમજ મહિલાની પુનવર્સનની કામગીરી કરવી નારી સંરક્ષણ ગૃહનો મુખ્ય ઉદેશ્ય છે. ૧૦૦% રાજ્ય સરકારના ફાળાથી  કમિશ્નર મહિલા અને બાળ વિકાસ હસ્તક કુલ-૧૦ સરકારી નારી સંરક્ષણ ગૃહો/કેન્દ્રો  છે.

**માન. અધ્યક્ષશ્રી,**

- **દિકરી મારા ઘરનો દિવો , અજવાળાની હેલ**
- **દિકરી એટલે રોજ દિવાળી, સુખની રેલમછેલ**

- આવી દિકરીઓના જન્મના વધામણા માટે અમારી સરકારે શરૂ કરેલ વ્હાલી દિકરી યોજનામાં અમલમાં છે.
- **વ્હાલી દિકરી યોજના અંતર્ગત સહાય આપવા માટે રૂા. ૨૫૨ કરોડ ૩૪ લાખની જોગવાઇ કરેલ છે.**

**ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના:-**

- ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત વિધવા બહેનોને આર્થિક રીતે મદદરૂપ થવા માટે માસિક રૂા. ૧ હજાર ૨૫૦ સહાય આપવામાં આવે છે. આ યોજના માટે **રૂા. ૨ હજાર ૩૬૨ કરોડ ૬૩ લાખની જોગવાઇ** કરેલ છે.

**ગંગા સ્વરૂપા પુન:લગ્ન આર્થિક સહાય યોજના:-**

- આ યોજનાનો ઉદ્વેશ રાજયની ગંગા સ્વરૂપા મહિલાઓની સામાજિક, આર્થિક સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે.
- સને ૨૦૨૩-૨૪માં ડિસેમ્બર-૨૦૨૩ અંતિત કુલ: ૪૭૩ લાભાર્થીઓની સહાય મંજુર કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત લાભાર્થીને રૂ. ૨૫ હજાર રોકડા / ચેકથી ખાતામાં જમા અને ૨૫ હજારના રાષ્ટ્રીય બચત પત્રો **એમ કુલ રૂા. ૫૦ હજારની સહાય** આપવાનું ઠરાવવામાં આવેલ છે.

- **ગુજરાત રાજ્ય મહિલા આયોગની વિવિધ પ્રવૃતિ માટે વર્ષ ૨૦૨૪–૨૫ કુલ રૂા.૧૧ કરોડ ૬૩ લાખ ૬૨ હજારની જોગવાઈ કરવામાં આવેલ છે.**

**જેન્ડર રિસોર્સ સેન્ટર**

- છેલ્લા ૧૧ વર્ષથી મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા મહિલાઓ માટે કરેલ જોગવાઇઓની માહિતી દર્શાવતું "જેન્ડર બજેટ સ્ટેટમેન્ટ" તૈયાર કરી પ્રકાશિત કરવામાં આવે છે. ચાલુ વર્ષે રાજ્યના કુલ બજેટ સામે જેન્ડર બજેટ **"૩૯.૭૧%"** જેટલું થવા પામેલ છે.

- નારી ગૌરવ નીતિ ૨૦૦૬ ના પુન:ઘડતર ની કાર્યવાહી હાથ ધરેલ છે, જે અન્વયે નવીન નીતિમાં મહિલાઓના સર્વાંગી વિકાસના લક્ષ્યને ધ્યાનમાં રાખી ૮ ક્ષેત્રો અને તેના એક્શન પોઈન્ટ સાથે નીતિનો સંપૂર્ણ મુસદ્દો તૈયાર કરેલ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

**મારા વિભાગની મહત્વની નવી બાબતની સન્માનનીય ગૃહ સમક્ષ મૂકુતો ....**

- આંગણવાડીના માળખાને વધારે સુદ્રઢ કરવા માટે ખૂટતી આંગણવાડીઓનું નવતર મોડ્યુલર ટેકનોલોજી દ્વારા નિર્માણ, હયાત આંગણવાડીઓને આઇ.ટી. સિસ્ટમથી સુસજ્જ કરી સ્માર્ટ આંગણવાડી બનાવવા ૩ વર્ષમાં ૮ હજાર નવી આંગણવાડીઓનું નિર્માણ કાર્ય કરવામાં આવશે અને ૨૦ હજાર આંગણવાડીઓનું સ્માર્ટ આંગણવાડીમાં રૂપાંતર કરવાનું અભિયાન હાથ ધરવામાં આવશે આ સંપૂર્ણ યોજના માટે કુલ **રૂા.૧ હજાર ૮૦૦ કરોડ** ખર્ચ થશે. જે માટે ચાલુ વર્ષ **રૂા. ૨૦૦ કરોડની જોગવાઇ** કરેલ છે.
- જરૂરિયાતમંદ મહિલાઓને સ્વરોજગારી માટે બેંક લોનમાં વ્યાજ સબસીડી આપવા અંગેની મહિલા સ્વાવલંબન યોજનામાં આપવામાં આવતી સબસીડીના હાલના દરમાં વધારો કરવાનો નિર્ણય સરકારે કરેલ છે. આ યોજના અંતર્ગત રાજય મહિલા આર્થિક વિકાસ નિગમ મારફત સબસીડી આપવા **માટે રૂા.૨ કરોડ ૨૩ લાખની જોગવાઇ કરેલ છે.**
- દર મહિને બાળકો, સગર્ભા સ્ત્રીઓ, ધાત્રી માતાઓ અને કિશોરીઓની વૃદ્ધિ અને પોષણની સ્થિતિનું મૂલ્યાંકન અને દેખરેખ રાખવાના ઉદ્દેશ્ય સાથે વિવિધ વૃદ્ધિ મોનિટરિંગ ઉપકરણોની ખરીદી કરવા માટે **રૂા.૧૪ કરોડ ૪૦ લાખની** જોગવાઇ કરેલ છે.
- કિશોરીઓને વિતરણ કરવામાં આવતા પૂર્ણા શક્તિના પેકેટમાં આયુષ કમ્પોનન્ટ ઉમેરવાના હેતુસર કુલ **રૂા.૧ કરોડ ૯૪ લાખની જોગવાઈ સહિત પુર્ણા યોજના માટે કુલ રૂા. ૩૪૪ કરોડ ૭ લાખની જોગવાઈ** કરેલ છે.

- જરૂરિયાતમંદ મહિલાઓને નારી સંરક્ષણ કેન્દ્રમાં આશ્રય આપવામાં આવે છે. સુરત જિલ્લા ખાતે આવેલ નારી સંરક્ષણ કેન્દ્રના અદ્યતન અને નવીન સુવિધાઓ યુક્ત નવા મકાનના બાંધકામ માટે **રૂા.૧૫ કરોડ ૯૫ લાખની જોગવાઈ કરેલ** છે.

**માન. અધ્યક્ષશ્રી,**

મારા વિભાગની મહત્વની કામગીરી વિશે ચર્ચા કરૂં તો છેલ્લા ૧ વર્ષમાં વિભાગના માધ્યમથી અનેક નોંધપાત્ર કામગીરી કરવામાં આવેલ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

- મારા વિભાગની આંગણવાડી કાર્યકર બહેનો અને તેડાગર બહેનોને દર વર્ષે બે જોડી યુનિફોર્મ સાડી આપવામાં આવે છે. આ વર્ષે બે જોડી એટલે કે ચાર સાડીનો સેટ એક બહેનને મળે તે રીતે ૧ લાખથી પણ વધુ આંગણવાડી કાર્યકર-તેડાગર બહેનોને સાડી વિતરણનો કાર્યક્રમ રાજ્યકક્ષાએ અને ચાર કાર્યક્રમ ઝોન કક્ષાએ આયોજીત કર્યા.

**માન. અધ્યક્ષશ્રી,**

- ૨૦૨૩ને **'આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ'** તરીકે ઉજવવાનું નક્કી કરેલ. તેના અનુસંધાનમાં મીલેટ વર્ષને અનોખી રીતે ઉજવવા અને મીલેટ-શ્રી અન્નનો પ્રચાર પ્રસાર કરવા રાજ્યની તમામ આંગણવાડીએ આ સ્પર્ધામાં ભાગ લીધો, સેજા કક્ષાએ **૨ હજાર ૪૬૯** સ્પર્ધાઓનું આયોજન થયું. ઘટક કક્ષાએ **૫૮૧** સ્પર્ધા યોજાઇ અને જીલ્લા કક્ષાએ **૧૯૩** સ્પર્ધા તથા ૪ ઝોન અને રાજ્યકક્ષાના મીલીટ વાનગી સ્પર્ધાના સુંદર કાર્યક્રમોના આયોજનો સાથે સમગ્ર રાજ્યમાં **૩ હજાર ૨૪૩** સ્પર્ધાના આયોજન દ્વારા શ્રી અન્નનો ખુબ સારો પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યો છે.

**માન.અધ્યક્ષશ્રી**

- મારી યશોદા માતા જે સતત બાળકોની માતાઓની પોષણ અને આરોગ્યની સંભાળ રાખે છે તેના આરોગ્યની ચિંતા મને થતી હતી હું જ્યારે પણ આંગણવાડીની મુલાકાત લેતી મારા મનમાં મારી આ બહેનોના આરોગ્ય તપાસ

માટે વાત આવતી આ માટે મારા વિભાગને સુચના આપી આરોગ્ય વિભાગની મદદથી આંગણવાડી કાર્યકર અને તેડાગર બેનોની NCD સ્ક્રીનીંગ નોન કોમ્યુનીકેબલ ડિસીઝની તપાસ કરાવી, **જેમાં ૪૨ હજાર ૯૬૫ (૯૪%) આંગણવાડી કાર્યકર અને ૪૦ હજાર ૪૭૦ (૯૧%) તેડાગર બહેનોએ ભાગ લીધો. આરોગ્ય તપાસમાં ૨૫ હજાર ૫૧૪ બહેનો (૩૪.૧૭%) બહેનોને ડાયાબીટીસનું નિદાન થયું ૧૯ હજાર ૮૩ (૨૨.૮૭%) બહેનોને બી.પી.ની બિમારીનું નિદાન થયુ ૧ હજાર ૭૮૬ બહેનોને કિડની બિમારી જોવા મળી અને ૨૨ બહેનોમાં કેન્સરના રોગનું નિદાન થયુ જેમાં ૬–મોઢાના, ૧૦–ગર્ભાશયના અને ૬– સ્તનના કેન્સરનો સમાવેશ થાય છે.**

**માન.અધ્યક્ષશ્રી,**

- આ બહેનોના રોગના સમયસર નિદાન થવાને કારણે તેના રોગને આગળ વધતા અટકાવી શકીશું અને તેઓની જીંદગી બચાવી શકીશું. મેં મારા વિભાગને સુચના આપેલ છે કે દર વર્ષે આ પ્રકારે બહેનોની આરોગ્ય તપાસ થાય અને આગળની જે પણ સારવારની કે મદદની જરૂર હોય ત્યા સરકાર તેને યોગ્ય તે મદદ કરશે

**માન.અધ્યક્ષશ્રી,**

- સશક્ત કિશોરી સુપોષિત ગુજરાત થીમ આધારિત તા. ૧૧ થી ૧૩ ઓક્ટોબર ૨૦૨૩ ના રોજ તમામ જિલ્લા તાલુકા કક્ષાએ કિશોરી મેળાનું આયોજન કરવામાં આવેલ હતુ. જેટલા **મેળાઓ દ્વારા ૪૦ હજાર કિશોરીઓ** અને **૧૫ હજાર ૬૫૯ પૂર્ણા સહ સખી ઉત્સાહભેર ભાગ લીધો**
- ડિસેમ્બર માસમાં આયોજીત તેજસ્વિની ચેમ્પિયન કાર્યક્રમમાં ઉપસ્થિત રહી તમામ જિલ્લાઓમાંથી જુદા જુદા ક્ષેત્રોમાં મહારથતા મેળવેલ બેટી બચાવો બેટી પઢાવો ચેમ્પિયનને બદલા વાહક તરીકે શીલ્ડ અને સર્ટીફિકેટ આપી તેઓના યોગદાન બદલ સન્માનિત કરવામાં આવેલ.

**માન.અધ્યક્ષશ્રી**

- મારે આજે વાત કરવી છે આ દિકરીઓ માટે રાજ્યના તમામ જીલ્લામાંથી ચુટીલાવેલ તેજસ્વી તારલા જેવીએ દિકરીઓમાં એક બે એવા તારલાની વાત

કરવી છે. જે ખરે-ખર વિશેષ છે.

- મારા વિભાગે બેટી બચાવો બેટી પઢાવો યોજના હેઠળ આયોજિત તેજસ્વિની જિલ્લા ચેમ્પિયનની તાલીમમાં વિવિધ ક્ષેત્રોમાં મહારથ હાંસલ કરેલ ચેમ્પિયન દિકરીઓમાં પંચમહાલ જિલ્લાની હેપ્પી વિનોદકુમાર દેસાઇ, નામની દિકરી જેની ઉંમર 18 વર્ષની છે, તે ધોરણ ૧૨ સુધી અભ્યાસ કરેલ છે. તે દિકરી અંધ છે. આ દિકરીએ ખુબ સુંદર ગીત ગાયેલ અને તેને સુગમ સંગીત ક્ષેત્રે રાષ્ટ્રીય ક્ષેત્રે બ્રોન્ઝ મેડલ મેળવેલ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

- બીજી દિકરીની વાત કરૂ તો આણંદ જિલ્લાની પટેલ વેદાંશી પ્રફુલભાઈ તે કોલેજમાં અભ્યાસ કરે છે. તે બિલકુલ હાલી ચાલી સકતી નથી તે દિવ્યાંગ છે. અને સંપુર્ણ પણે વ્હિલચેરના સહારે છે. આ દિકરીએ ગોળાફેંક ચક્રાફેંક અને ભાલાફેંક ની રમતમાં રાષ્ટ્રીય ક્ષેત્રે ૮ જેટલા મેડલ મેળવી ચૂકી છે. દિકરીએ ખૂબ પડકારોનો સામનો કરી અડગ મને રમતગમતમાં આગળ વધવાની જીજીવિષાનાં કારણે આજે તે બેટી બચાવો બેટી પઢાવો યોજના હેઠળ જિલ્લા ચેમ્પિયન બની તેના જેવી અન્ય વિકલાંગ દીકરીઓને આગળ વધવાની પ્રેરણા આપે છે.

**માન.અધ્યક્ષશ્રી,**

**દીકરી ના લગ્ન,**
**એટલે,**
**નદી ને પાનેતર પહેરાવવાની ક્ષણો.**

- પંચમહાલ જિલ્લાના ગોધરા નારી સંરક્ષણ ગૃહની દીકરી ભારતીના લગ્ન પ્રસંગે ઉપસ્થિત રહી નવદંપતીને આશિષ આપવા તથા તેઓના પરિવારનો હિસ્સો બનવાની તક મળેલ તથા આ પ્રસંગે શિક્ષણ મંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોરે સાહેબ પણ મારી સાથે નવ દંપતીને આશીર્વાદ આપવામાં આવેલ. તથા અનાથ દિકરીઓ માટે રાજ્ય સરકાર હંમેશા તેઓને સહયોગ આપવા માટે કટીબદ્ધ રહેલ છે. જેમાં પણ નારી કેન્દ્ર ખાતે ઉછેરેલ દિકરીઓ સમાજમાં સ્વમાનભેર

જીવી શકે તથા સુખી દામ્પત્ય જીવી શકે તે માટે તમામ મદદ નારી કેન્દ્ર દ્વારા કરવામાં આવેલ તેનો મને ખુબ આનંદ છે.

**અંતમાં માન.અધ્યક્ષશ્રી એટલું જ કહીંશ ...**

लिपट कर रोयें बेटियों से वो अपनी हालत पर...
जो कहते थे
विरासत के लिए बेटा ज़रूरी है.

---

**ક્યારેક સુધાકર સમ શીતળ છું.**
**તો ક્યારેક દિનકર સમ ચિનગારી છું.**
**હા, હું નારી શક્તિ છું.**
**ક્યારેક માંકાલિ સમ ક્રોધિત સાગર છું.**
**તો ક્યારેક વાત્સલ્ય સમ પ્રેમાળ સરિતા છું.**
**હા, હું નારી શક્તિ છું.**

---

**" પુરુષ ઘરનું આંગણું, નારી ઘરનો મોભ**
**નારી શક્તિનું રૂપ છે, ન ભૂલો એના જોમ**

---

जरुरी नहीं रौशनी चिरागो से ही हो.
बेटियां भी घर मैं उजाला करती हैं.. !!